"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૧૧/૧૦/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## રાજપૂત સમાજના બ્રેનડેડ ઘનશ્યામસિંહ નરેન્દ્રસિંહ પરમારના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતા મહેંકાવી સમાજને નવી દિશા બતાવી.

નામ: ઘનશ્યામસિંહ નરેન્દ્રસિંહ પરમાર ઉ. વ. ૪૧ બ્લડ ગ્રુપ: A +ve

ખેતી કરતા હતા.

રહેવાસી: બંગલા નં: ૯, સાધના નગર સોસાયટી, ગાંધી હોસ્પીટલની બાજુમાં, ગાંધી રોડ, બારડોલી.

કૌટુંબિક વિગત : પત્ની: વર્ષાબેન ઘનશ્યામસિંહ પરમાર ઉ. વ. ૩૮

પુત્રી: કૃપા ઘનશ્યામસિંહ પરમાર ઉ. વ. ૮

બારડોલીમાં આવેલ B.A.B.S હાઇસ્કૂલમાં ધોરણ ૩માં અભ્યાસ

**બનાવની વિગત:**

શનિવાર, તા: ૦૭ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ઘનશ્યામસિંહ સવારે ૯:૦૦ કલાકે તેમના ઘરે બેઠા હતા ત્યારે ખેંચ તેમજ વોમિટીંગ થતાં તેમને બારડોલીમાં આવેલ સરદાર સ્મારક હોસ્પીટલમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી. સોમવાર તા. ૯ ઓક્ટોબરના રોજ હૃદય બંધ થઇ જતા CPR આપીને તેમનું હૃદય ફરી શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વધુ સારવાર માટે સવારે ૧૦:૩૦ કલાકે સુરતમાં આવેલ સનસાઈન ગ્લોબલ હોસ્પીટલમાં ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ ક્લાર્કની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



મંગળવાર ૧૦ ઓક્ટોબર ૨૦૧૭નાં રોજ ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ કલાર્ક, ડૉ. કૃણાલ પટેલ અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ ઘનશ્યામસિંહને બ્રેનડેડ જાહેર કર્યા.

સનસાઈન ગ્લોબલ હોસ્પીટલના ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ કલાર્કે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી ઘનશ્યામસિંહના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. અનુજ કલાર્કની સાથે રહી ઘનશ્યામસિંહના પત્ની વર્ષાબેન, ભાઈ અજયરાજસિંહ, નટવરસિંહ ડી. પરમાર, જીતેન્દ્રસિંહ પરમાર, વૈશાલી પરમાર તેમજ અન્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

ઘનશ્યામસિંહના પત્ની વર્ષાબેને જણાવ્યું કે મારા પતિ હંમેશા કહેતા હતા કે જો કોઈ સંજોગોમાં મારૂ બ્રેનડેડ થાય તો મારા અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપજો. આથી આજે જયારે મારા પતિ બ્રેનડેડ છે ત્યારે તેઓના અંગોના દાન થકી કિડની, લિવર નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપવા માટે આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની અમદાવાદના રહેવાસી ચંપકલાલ અમરતલાલ શાહ ઉ.વ. ૫૨માં અને બીજી કિડની મુંબઈ, મહારાષ્ટ્રના રહેવાસી મનીષા સચીન શાહ ઉ. વ. ૪૩ માં, જયારે લિવર નું ટ્રાન્સપ્લાન્ટ સુરતના રહેવાસી દક્ષાબેન જયવદનભાઈ ઉભરાટવાલા ઉ. વ. ૫૩ માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

3....

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં ધનશ્યામસિંહના પત્ની વર્ષાબેન, ભાઈ અજયરાજસિંહ, નટવરસિંહ ડી. પરમાર, જીતેન્દ્રસિંહ ડી. પરમાર, વૈશાલી જે. પરમાર, પરિવારના અન્ય સભ્યો, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અનુજ ક્લાર્ક, ડૉ. કૃણાલ પટેલ, ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા, સનસાઈન ગ્લોબલ હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૨૮ કિડની, ૯૧ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૯૦ ચક્ષુઓનો દાન મેળવીને ૫૨૮ વ્યક્તિઓને</u> નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.